# ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ

## બ્લોક નં-૨, પાંચમો માળ,કર્મયોગી ભવન,ગાંધીનગર

### પંચાયત સેવાના કર્મચારીઓની ગુજરાતી ભાષાકીય પરીક્ષા યોજવા બાબતનુ જાહેરનામું

ક્રમાંકઃ- ઈએક્સએમ-૩-૨૪૭૩/૨૦૨૩-૨૪/૭૧૩૭થી૭૧૭૦

તા.૨૫/૦૯/૨૦૨૩

## જાહેરનામું

ગુજરાત પંચાયત સેવા( ગુજરાતી ભાષાકીય પરીક્ષા) નિયમો-૧૯૬૪ના નિયમ-૦૭ અન્વયે આથી જાહેર કરવામાં આવે છે કે, પંચાયત સેવાના કર્મચારીઓની ગુજરાતી ભાષાકીય પરીક્ષા નીચે મુજબના સમયપત્રક મુજબ યોજવાનું મંડળ દ્વારા નક્કી કરાયેલ છે.

| પ્રશ્નપત્ર નંબર | તારીખ અને વાર | વિષય સુચિ | સમય | સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | તા.૨૩/૧૧/૨૦૨૩ ગુરૂવાર | (અ) ગુજરાતી નિબંધ લેખન અથવા પત્ર લેખન<br>(બ) ગુજરાતીમાં આપેલ ફકરાનો ટૂંકસાર અથવા સારાંશ (ગુણ-૧૦૦) | સવારે ૧૧:૦૦ થી ૧:૦૦ | સબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી નક્કી કરે તે |
| ૨ | તા.૨૩/૧૧/૨૦૨૩ ગુરૂવાર | નીચેના પાઠ્ય પુસ્તકોના પ્રશ્નો<br>(અ) ગાંધીજીની સંક્ષિપ્ત આત્મકથા<br>(બ) ઓતરાતી દિવાલો-કાકા કાલેલકર (ગુણ-૧૦૦) | બપોરે ૨:૦૦ થી ૪:૦૦ | |
| ૩ | તા.૨૪/૧૧/૨૦૨૩ શુક્રવાર | મૌખિક પરીક્ષા<br>મૌખિકમાં હસ્તલિખિત પ્રત વાંચન તથા વાર્તાલાપ (ગુણ-૧૦૦) | સાંજે ૪:૩૦થી શરૂ | |

સદરહુ પરીક્ષાનો અભ્યાસક્રમ ઉક્ત નિયમોના-નિયમ-૬ માં દર્શાવ્યા મુજબનો રહેશે. આ અંગેનું સમયપત્રક આ સાથે બીડવામાં આવેલ છે. પરીક્ષામાં બેસવા ઈચ્છતા ઉમેદવારોએ નિયમ-૭ હેઠળ અરજી (આવેદનપત્ર) કરવાની રહેશે. આ માટે ઉમેદવારે આ સાથે બીડેલ નિયત નમૂનાનું આવેદનપત્ર પોતાની કચેરીમાંથી મેળવી, ભરેલુ આવેદનપત્ર મોડામાં મોડા તા.૩૧/૧૦/૨૦૨૩ સુધીમાં જે તે જિલ્લા પંચાયતની મહેકમ શાખાને રૂબરૂમાં મોકલી આપવાનુ રહેશે. આ ભાષાકીય પરીક્ષામાં બેસનાર કર્મચારીઓની અસલ

અરજીઓ સબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીના સહી સિક્કા સાથે સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ,ગાંધીનગર ને મોડામાં મોડા તા.૦૬/૧૧/૨૦૨૩ સુધીમાં પહોંચે તે રીતે મોકલવાની રહેશે. સમયમર્યાદા બાદ મળેલ આવેદનપત્રો મંડળ દ્વારા ધ્યાને લેવામાં આવશે નહિં.

"મંડળના આદેશાનુસાર"

સચિવ
ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ
ગાંધીનગર

નં.ઈએક્સએમ-૩
ગાંધીનગર

પ્રતિ,

મેનેજરશ્રી,મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર તરફ

ઉપરોકત જાહેરનામાની પ્રસિધ્ધી આગામી સરકારી ગેઝેટમાં ભાગ-૧ 'અ' માં કરવા અને જેની પાંચ નકલો અત્રે મોકલી આપવા વિનંતી છે.

નકલ સવિનય રવાના-:

(૧) માન.અગ્ર સચિવશ્રી,પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ જાણ સારૂ.

(૨) વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય,સચિવાલય ગાંધીનગર તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.

(૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી,જિલ્લા પંચાયત કચેરી-તમામ તરફ જાણ, બહોળી પ્રસિધ્ધિ તથા આગળની યોગ્ય કાર્યવાહી કરવા સારૂ .

(૪) નાયબ સચિવશ્રી,(પંચાયત),પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ જાણ સારૂ .

નકલ રવાના-જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ .

(૧) નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (મહેકમ) જિલ્લા પંચાયત કચેરી(તમામ)

(૨) કચેરીના નોટીસ બોર્ડ તરફ પ્રસિધ્ધિ સારૂ .

